# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ખેલાડીઓને હવે કમાવાની સૂઝી છે કમત!
ચારિત્ર્યને ફટકારે છગ્ગા સમજે છે ગમ્મત!
થાય છે સંમત, રમે છે દગો કરોડો દર્શકોથી -
આઇપીએલના જુગારમાં રમાય છે રમત!
(ફૂટેલા ક્રિકેટરો)

## હાઇકુ

જોખાઇ ગયા,
અનિચ્છાએ 'વિઠ્ઠલ'
તુલસી દળે!
(પોરબંદરનો ભાજપી આદેશ)

પૂર્વ તૈયારી?!
બંધાય છે માંડવા -
લોકસભાના..
(હવે સંસદ સીટો પર નજર)

## ચિંતન

**ક્ષીરેણાત્મગતોદકાય હિ ગુણા દત્તાઃ પુરા તે અખિલાઃ ક્ષીરે તાપમ વેક્ષ્ય તેન પયસા સ્વાત્મા કૃશાનો હુતઃ ।**
**ગન્તું પાવકમુન્મનસ્તદ્ ભવદ્ દૃષ્ટ્વા તુ મિત્રાપદં યુક્તં તેન જલેન શામ્યતિ સતાં મૈત્રી પુન સ્ત્વીદૃશી ॥**

ભર્તૃહરિના નીતિ શતકનો આ શ્લોક દ્વારા કવિ મૈત્રી અંગેનું તત્ત્વજ્ઞાન તદ્દન સરળ રીતે અને સહજભાવના ઉદાહરણ દ્વારા સમજાવે છે :

'પહેલાં દૂધ પોતાની અંદર મિશ્રિત બનેલા જળને પોતાનામાં સમાવિષ્ટ કરી પોતાના બધા જ ગુણો સમર્પી દે છે, દૂધને ગરમ કરવા અગ્નિ પર મૂકતાં દૂધનો સંતાપ જોઇ તેમાં રહેલું જળ ઉકળી ઉઠ્યું અને જાતને બાળી નાખી. પાણીને બળતું જોઇ ન શકનાર દૂધ જાતે તપેલાંની મર્યાદાને પણ ઓળંગી અગ્નિમાં કૂદી પડ્યું. પણ તેના પર નજર રાખનારે જ્યારે ફરી થોડા પાણી સાથે તેનું મિલન કરાવ્યું - ત્યારે જ દૂધને શાતા વળી - શાંત થઇ હેઠે બેઠું' સજ્જનોની મૈત્રી ખરેખર આવી હોય છે.

આમ, મૈત્રી અંગે ભર્તૃહરિનું ચિંતન ઉત્તમ કક્ષાનું છતાં તદ્દન સરળ અને સહજ છે - સમાજલક્ષી છે, મૈત્રીમાં એકબીજાનું દુઃખ-આફત કે વિયોગ ન સહન થઈ શકે તે જ સાચી મૈત્રી.

દૂધ અને પાણીનો ઉભરો અને શાંત થવું તદ્દન સ્વાભાવિક પ્રક્રિયાને પણ ચિંતકે તીક્ષ્ણ દૃષ્ટિ દ્વારા જોઇ સરળ કરી સમજાવી છે.

## સુવિચાર

- માનવીના જ્ઞાનને માપવા માટે તેની નમ્રતા અને બધાને પ્રેમ કરી શકવાની તેની તાકાત તપાસવી જરૂરી છે - **ઓશો**
- સુવર્ણ પાછળ માણસ દોડતો બંધ થાય તે દિવસથી સુવર્ણ યુગની શરૂઆત થઇ સમજવી - **મોરારજી દેસાઇ**
- ઓફિસરોને લેપટોપ અને મોબાઇલની સુવિધાઓ આપીને સરકાર એમ સમજે છે કે એમનામાં અને જેલના કેદીમાં કોઇ જ ફર્ક નથી - **નારાયણ સ્વામી**
- મૌનથી માણસ પોતાનો પરિચય પામી શકે છે મૌન એટલે માણસની પોતાની સન્મુખ હાજરી - **ઓમી**
- જે બાબત દબાણ અને જોર જુલ્મથી સમજાવી શકાતી નથી એ જ વાત માયાળુ-મૈત્રી ભરી, પ્રેમથી અને વિનયથી સમજાવી શકાય છે - **ડેલ કાર્નેગી**
- વિજય જો વિવેકના સ્થાને વિકારાધીન બની જાય તો પરાભવનું પ્રથમ પગથિયું બન્યા વગર રહેતું નથી - **ડૉ. હેડગેવાર**
- સંસારના સર્વ રોગ અને અનિષ્ટોનું મૂળ માનવીના અંતરમાં પડેલા રાગ, દ્વેષ અને તેની સ્વાર્થવૃત્તિમાં છે - **સ્વામી આનંદ**

## બોધ કથા

આપણી તુચ્છ યાચનાઓ અને અલ્પબુદ્ધિથી ઇશ્વર પાસે નકામી અને બીનજરૂરી માગણીઓની ઉઘરાણી કર્યા કરતા હોઇએ છીએ. ઇશ્વરે આપણને જે વગર વિનંતીએ ઉમદા ભેટો આપી છે એની તરફ જોવાની આપણી 'દૃષ્ટિ' જ નથી.

એક સંસારી મંદિરમાં જઇ દરરોજ ઇશ્વર પાસે અવનવી માગણીઓ મૂકતો. ક્યારેક ટીવી, ફ્રીજ, કાર, વોશિંગ-મશીન-લેપટોપ વગેરે... ભગવાન તેના તરફ કોઇ'દિ ધ્યાન આપતા ન હતા. ઘણા સમય સુધી આવી માગણીઓ કરી કરી કંટાળી, મંદિરના પગથિયે બેસી ભગવાન તરફ જોઇ ગમે-તેમ, એલફેલ બોલવા લાગ્યો. પાસે બેઠેલા એક સૂફી સંતે આ બધો બબળાટ સાંભળ્યો. કારણ પૂછ્યું - પેલાએ પોતાની વર્ષો જૂની માગણીઓ પ્રત્યે ભગવાનની અનદેખીની વાત કરી - ફરી બળાપો કાઢ્યો.

સંત કહે - તારી પાસે જોવાની દૃષ્ટિ, સાંભળવા કાન, ચાલવા પગ, મહેનત માટે હાથ છે બુદ્ધિ છે એ બધું તે ઇશ્વર માટે માગ્યું હતું? પેલાએ નકારાત્મક ડોકું ધૂણાવ્યું.

સંત કહે તું સમુદ્રની લહેરોનો આનંદ, કોયલના ટહુકા, કુદરતનું સંગીત-પ્રકૃતિનો આનંદ, ઝરણાનું ખલખલ, પ્રેમ-વાત્સલ્ય, હૂંફ માણે છે એની ફી કદી ચૂકવી છે? એ મેળવવા કદી માગણી કરી હતી? ખોટી માગણી કરતાં પહેલાં તારી પાસે જે સુખ છે તે માણવા માટેની સમજ કેળવ - પછી ઇશ્વરે ગમે તેમ બોલજે.

પેલો નીચું જોઇ ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# આજે રૂપિયાની ખોટ નથી, અઢળક સંપત્તિ છ, સુખની કોઈ જ સીમા નથી, તોય મને લેશમાત્ર આનંદ નથી કારણ કે બધુંય હોવા છતાંયે મારી 'મા' નથી...!

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

થોડા દિવસ પહેલા દુનિયાભરમાં 'મધર ડે'ની ઉજવણી થઇ. આ દિવસે બાળકો પોતાની માને મનગમતી વસ્તુ ગિફ્ટ તરીકે આપે છે. છતાંય મોટા શહેરોમાં આવેલા વૃદ્ધાશ્રમોની સંખ્યામાં પણ વધારો થયો રહ્યો છે. આવી જ એક સત્ય ઘટના તમને જણાવીશ.

અમદાવાદ શહેરમાં બની ગયેલી એક સાચી દાસ્તાનની વાત કરવી છે. જીવનસંધ્યા આશ્રમમાં એક 'મા' એકલી અટૂલી દિવસો વિતાવતી હતી. દીકરા પાસે દોમ દામસાહેબી હતી, પણ એને 'મા' ખટકતી હતી!

કારણ?

કારણ કે વાઇફ ઘરમાં આવ્યા પછી હવે ડોશીની જરૂર નો'તી લાગતી. બંગલામાં ગ્રેનાઇટથી માંડીને બધી જ ચીજો લવલી લવલી પણ મોઢેથી લાળ પાડતી, બોખા મોઢાની આ ડોસલી, આખા બંગલાની શોભા બગાડતી હતી. ખીલેલાં, તાજા, સુગંધીદાર પુષ્પોનાં બગીચામાં કરમાયેલા, ચીમળાયેલા અને સડેલા ગુલાબને કોણ રાખે? સગો દીકરો જાતે આવીને જીવનસંધ્યા આશ્રમમાં આ ડોશીને પધરાવી ગયો હતો! જીવનસંધ્યા સંસ્થાના સહારે ડોશી પોતાની સ્મૃતિઓ વાગોળતાં વાગોળતાં વર્ષો વીતાવતી હતી. મા એક બાજુ પોતાની અમીર અમીર સ્મૃતિઓ જણાવતી જાય, જ્યારે બીજી બાજુ... 'હવે શરીરને કબજો રોગોએ લઇ લીધો છે' તેવું પણ જણાવતી જાય! વાત સો ટકા સાચી હતી. બીમારીથી માજી પીડાઇ રહ્યાં હતા અને જોનારને સહજ ભાવે લાગતું જ કે આ જ બસ છેલ્લો દિવસ લાગે છે. આમ છતાંયે ડોશીમાનો જીવ જતો ન હતો?

કારણ?

કારણ કે એમનું મન હજુયે દીકરામાં રહેલું! તેમને મળો કે બસ એક જીદ : 'ભાઇ ગમે તેમ કરો પણ મારા દીકરાને એક વાર તો બોલાવી આપો. કારણ? કારણ કે મારે મરતાં પહેલાં એકવાર એનું મોઢું જોવું છે. મેં જન્મ આપ્યો ત્યારથી એને રોજ જોતી આવી છું. કેટલો રૂપાલો, કેટલો સરસ, કેટલો વહાલો છે. કેટલો હોંશિયાર છે. દુનિયામાં કોઇનેય આવો દીકરો નહીં હોય! ગમે તેમ કરો પણ મારા દીકરાને એક વાર બોલાવો!'

ડોશીની રોજની માગણીને માન આપીને રોજ દીકરાને ફોન કરવામાં આવતા હતા. પણ દીકરાને 'મા' સામે આવવું નો'તું. ઘણી રીતે સમજાવવા છતાંયે દીકરો ન આવ્યો તે ન જ આવ્યો. જીવન સંધ્યાના સંચાલકે એક સામાજિક કાર્યકર્તાને આ વાત કરી કે આ માજીનો ટાઇમ પૂરો થઇ ગયો છે. પણ એમનો જીવ હજીયે દીકરામાં રોકાયેલો છે. એક વાર દીકરાનં મોઢું જોઇ લે તો સ્મૃતિ દુઃખથી છૂટી જાય! ગમે તેમ કરીને દીકરાને અહીં તેડી લાવો. કાર્યકરે નક્કી કર્યું, આમાં કઇ મોટી વાત છે. ફોનથી નથી માનતો તો ચાલો જાતે એમના ઘરે જઇએ, મનાવીએ. આ વિચારે કાર્યકર એ દીકરાના ઘરે ગયા. કાર્યકરે ખૂબ સમજાવવા કોશિશ કરી, 'મા' દીકરાની અને વિનવણી કાર્યકરની. પરિણામ શૂન્ય! દીકરો ન માન્યો તે ન જ માન્યો. એણે ઘરાર ઘસીને ના પાડી દીધી!

હવે શું કરવું?

કાર્યકર ઊંડી સમજવાળા અને અનુભવી હતા. એમાં એક આઇડિયા કર્યો. ડોશીના દીકરાના ઘરમાં જે નોકર કામ કરે છે તતેની પાસેથી મા-દીકરા વચ્ચેના પૂર્વના સંબંધો, વાતચીતના પ્રકારો જેવી દૈનિક હિલચાલ જાણીને કોઇ બીજાને 'ડમી' બનાવીને 'ડમી દીકરાને' બધું શીખવાડી દઇએ અને એ જ ડમી દીકરાને 'મા' સામે રજૂ કરી દઈએ! એ પ્રમાણે બધું જ આયોજન ગોઠવાયું. એક ડમીને પરફેક્ટ દીકરો બનાવી 'મા'ની સામે હાજર કર્યો! આગલે દિવસે કહી રાખેલું 'મા... કાલે તમારો દીકરો ફક્ત પાંચેક મિનિટ માટે મળવા આવશે! તમારે જે વાત કરવી હોય તે કરી લેજો. માંડ મનાવ્યો છે, ત્યારે આવવા રાજી થયો છે.'

બીજા દિવસે ડમી દીકરો, સાચા દીકરાની સ્ટાઇલથી 'મા'ની નજદીક આવ્યો બોલ્યો, 'મા' ઓ મોરી મા, તું કેમ યાદ કરે છે?

માની આંખો તો ઝાંઝવાં આવી ગયેલાં. હથેળીની છાજલીઓ આંખે ધરીને ડોશી બોલી, 'બેટા! આ'યો તું! આવ, આવ, મારા બેટા! કેટલા દા'ડાથી તારી રાહ જોઇ રહી છું! તારી તબિયત તો સારી રહે છે ને? અને બેટા, તને વહુ સરખી રીતે જમાડે તો છે ને? ટાઢું ખાતો નહીં. તારો વાયુનો કોઠો છે. લગાર તબિયતનું ધ્યાન રાખજે અને હા, મારી ફિકર ચિંતા કરીશ નહીં. ભગવાનની દયાથી અહી સુધી છું.

દીકરો બોલ્યો, 'બસ.... મા! હવે હું જાઉં છું. હવે ફરી ફરીને બોલાવીશ નહીં.'

'મા' એ કહ્યું, 'ના રે ના, બેટા હવે હું કેટલાં દા'ડા ? આ તો તારૂં મોઢું જોવા જ જીવતી રહી છું. તું મજામાં છે. બસ પત્યું! અને એક સેકન્ડ, દીકરા એક સેકન્ડ, રોજ ભગવાનને પ્રાર્થના કરતો રહેજે હો બેટા!'

ડમી દીકરો પછી દરવાજેથી બહાર નીકળ્યો અને 'મા' દુનિયાભરમાંથી બહાર! માએ કાયમ માટે આંખ મીંચી દીધી! જીવન સંધ્યાના કાયદા પ્રમાણે મરણની જાણ દીકરાને કરવી પડે. સાચો દીકરો ડેડ બોડી લેવા માટે આવી પહોંચ્યો હતો. પણ જીવન સંધ્યાના સંચાલકોને લાગ્યું કે આખી જિંદગીમાં જે દીકરાએ સામું જોયું નથી. એવા દીકરાના હાથમાં માનું શબ આપીને આપણે શબનું પણ શા માટે અવમૂલ્યન કરવું? આથી સાચા દીકરાને 'મા'નું શબ સોંપવા સ્પષ્ટ ના પાડી દેવામાં આવી. દીકરાએ ડેડ બોડી મેળવવા ઘણો આગ્રહ કર્યો. કારણ એ હતું કે દીકરો માની નનામી કાઢે નહીં અને અગ્નિદાહ આપે નહિ તો સમાજ તેને પીંખી નાંખે. બાકી એને 'મા'ની જરૂર ન હતી! લાશની પણ જરૂર ન હતી! જરૂર હતી પોતાની આબરૂની!

સમાજને દેખાડવા ખાતર એને 'મા'નું શબ જોઇતું હતું! સંસ્થાએ ઘરાર લાશ ન આપી તે ન જ આપી. જગતમાં આવા દીકરા જેવા નપાવટ દીકરા સાવ જ નાદાર બની જતા હોય છે! પણ માવતર છેલ્લા શ્વાસ સુધી ઘરડાઘરમાં રહ્યે રહ્યે પણ પુત્રનું ભલું ઇચ્છતી હોય છે! આપણે માને શું સમજીએ છીએ? આ આજની સમાજ વ્યવસ્થામાં ઉભરતો અગ્રિમ પ્રશ્ન છે!

૧૯૬૪માં પ્રકાશિત થયેલ 'માય ઓટોગ્રાફી' પુસ્તક એ ચાર્લી ચેપ્લિનની આત્મકથા. ખૂબ જ સંવેદનવાળી છે. જગવિખ્યાત બનેલા ચાર્લી ચેપ્લિનના રાજમહેલમાં પાર્ટી ચાલી રહી હતી. ૪૫ ફુલ લાંબા ડાઇનિંગ ટેબલ પર સોનાની પ્યાલીઓમાં શરાબ પીરસાતો હતો. વિવિધ વાનગીઓની મિજબાની મણાઇ રહેલી. લાઇટના ઝગમગાટમાં સહુ કોઇ આનંદ પ્રમોદ માણી રહ્યા હતા! વિશ્વની પ્રસિદ્ધ વ્યક્તિઓ પાર્ટીમાં ચાર્લી ચેપ્લિન સાથે ભોજન કરવામાં આનંદ મગ્ન હતી. અવારનવાર ઇટાલીની જગવિખ્યાત અભિનેત્રી સોફિયા લોરેન્સ આગંતુકો બરાબર જમી રહ્યા છે કે નહીં તે માટે હરતીફરતી વ્યક્તિગત પૃચ્છા કરતી હતી.

ચાર્લી આ ફંકશનમાં જરાયે મૂડમાં જણાતો ન હતો! ચેપ્લિનના એક મિત્રે તેને બાજુ પર લઇ જઇને પૂછ્યું : 'ચાર્લી, આ આનંદમસ્તી ચાલી રહ્યા છે અને છતાં તું 'આઉટ ઓફ મૂડ' કેમ છે? ચાર્લીએ જવાબ આપ્યો કે દુનિયાની તમામ સંપત્તિ આવીને મારા ચરણો પ્રક્ષાલતી હશે તોય હું ક્યારેય મૂડમાં નહીં હોઉ કારણ કે તે દિવસે જો મારી માને એક બ્રેડનો ટુકડો માત્ર મળી ગયો હોય તો બેભાવ થઇને સ્ટેજ પર ઢળી પડી ન હોત અને કાયમને માટે પાગલ ન બની ગઇ હોત.' આટલું બોલીને ભૂતકાળમાં ઊતરી પડીને ચાર્લી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા. પાર્ટી અચાનક થંભી ગઇ! પછી સમજુ મિત્રોએ ત્યારે ચેપ્લિન શાંત કર્યો અને જ્યારે એનું હૃદય ખોલાવ્યું ત્યારે ચેપ્લિન બોલ્યા હતા કે એક સમય હતો, જ્યારે અમારી વિધવા મા અમને બેય ભાઇઓને સાથે રાખીને ફૂટપાથ પર ભીખ માગતી હતી! આવતાં જતાં લોકો કંઇ જ ધ્યાન આપતા ન હતા. અમે

(અનુસંધાન પાના નં. ૬ પર)

# લોકસંસ્કૃતિને નિબિડરૂપે મૂર્તિમંત કરતા ચારણી સાહિત્યનો વિશિષ્ટ પરિચયાત્મક – અભ્યાસગ્રંથ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ભારતીય સાહિત્ય પર મુખ્ય ચાર ધારાઓનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. જે વૈદિક સાહિત્ય, જૈનસાહિત્ય, બૌદ્ધ સાહિત્ય, અને લોક સાહિત્ય તરીકે ઓળખાય છે. આ ચારે ધારા પર પોતાપોતાની ધાર્મિક વિચારધારાનો પ્રભાવ જોવા મળે છે.


લોકસાહિત્યની સાથે સાથે રાજાશાહીના જમાનામાં ચારણી સાહિત્યમાં વિશેષ ખેડાણ થયું છે. જેનો પ્રભાવ ખાસ કરીને ગુજરાત સૌરાષ્ટ્રના લોક સાહિત્ય પર પડ્યો છે. પરંતુ સામાન્ય જન સમાજ અને કેટલાક વિદ્વતજનોમાં આ સાહિત્ય રાજાઓની પ્રસંશા કે ભાટાઇનું સાહિત્ય છે તેમ કહી તેને ઉતારી પાડવા અને તેની ગણના નિમ્ન કક્ષાના સાહિત્યમાં કરવામાં આવે છે. પરંતુ ખરેખર ચારણી સાહિત્ય શું છે તે સમજવું જરૂરી છે. તે માટેનો એક સુંદર પ્રયાસ રાજભાષા ગુજરાત ના ચારણી સાહિત્ય વિશેષાંક દ્વારા કરવામાં આવ્યો છે જે ચારણી સાહિત્યનો સમગ્રલક્ષી અભ્યાસ ગ્રંથ બન્યો છે. તેની વાત આજે મારે તમને કરવી છે.

ગુજરાત - સૌરાષ્ટ્રના લોક સાહિત્ય - લોક સંસ્કૃતિને જીવંત રાખવા સતીઓ, સંતો અને શૂરવીરતા, દાતારી અને નેક ટેક નો અને અમર ઇતિહાસ લોક માનસ સુધી પહોંચાડવાનું કાર્ય ચારણ સમાજે કર્યું છે. જેનો ચારણી સાહિત્યનો ઇતિહાસ, તેના કવિઓ - કવિયત્રીઓ તથા લેખકો સાહિત્યકારો અને તેમની કૃતિઓનો પરિચય આપણને આ જ પુસ્તકમાંથી મળી રહે છે.

ચારણી સાહિત્યના આ વિશેષાંકમાંથી પસાર થતાં ગુજરાતના ચારણી સાહિત્યનું વિહંગાવલોકન કરતા ચારણોએ ઉપસાવેલું જીવન, મધ્યકાલિન ચારણી કથા સાહિત્ય, ચારણી ઋતુગીતો, ચારણી બારમાસા, જે ભારતીય પરંપરાનું એક ઉજ્જવળ પ્રકરણ છે તેનો પરિચય મળે છે તે ઉપરાત ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં 'હાલા ઝાબાં કુંડળિયા,' દેવી સીવન ઇસરદાનના સાહિત્યનાં નામગદમણ, પાંડવયશેન્દુ ચંદ્રિકા, જે એક અમૂલ્ય વારસો છે તો 'સૂઅર સાવજની વાત' માં મળતી વીરતાની કથાની સાથે સાથે જે 'હરદાસજી મિસણ કૃત 'ભૃંગીપુરાણ' માં શિવ સ્તવન પણ મળે છે. વળી ચારણી સાહિત્યની તાસીરનો ગ્રંથ' સભા પર્વ વિશે ડો. ભરત પંડ્યાનો અભ્યાસલેખ મહત્વપૂર્ણ જણાય છે. તે સાથે સાથે સાંયાજી ઝૂલાકૃત રૂક્મિણિહરણ, વિષ્ટિ, વીરરસનો સમન્વય એટલે 'અંગત-વિષ્ટિ', ગોદડ મહેડુ કૃત : લઘુ અવતાર ચારિત્ર્ય, કવિ હમીરજી રત્નુની કૃતિઓ, બ્રહ્માનંદ સ્વામીનું વ્યક્તિત્વ અને વાંડ્મયની પ્રસ્તુતિ એવી 'બ્રહ્માનંદ છેદરત્નાવલિ', 'અમરકોશ'નું મહત્વ અનુંસંધાન 'હરિજશ નામમાળા' જેવા લેખો દ્વારા લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનો પરિચય આપવાનો અને તેના વિશે ચાલતી લોકવાયકાઓ કે ગેરમાન્યતાઓ ને દૂર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં રચાયેલ ચારણી સાહિત્ય જેમાં વિનોભા બાવની, રાષ્ટ્રધ્વજ પચીસી, નર્મદા શતક, 'ભારત વર્ષમ્' (મહાકાવ્ય) જેમાં રાષ્ટ્ર ભક્તિનો નવો મેષ મળે છે તે ઉપરાંત લોહપુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ મહાકાવ્યનો પરિચય આપતા લેખો પણ આપણને અહીં પ્રાપ્ત થયા છે.

ચારણી સાહિત્ય વિશેષાંક ૨૫૪ પાનમાં ૩૪ લેખોને સમાવી દળદાર અને આકર્ષક મુખપૃષ્ઠ સાથે આ ક્ષેત્રે જાણીતા લબ્ધ પ્રતિષ્ઠો, વરિષ્ઠ સાહિત્યાકરો, લેખકો અને મહાનુભાવો પાસેથી ખુબ જ જહેમત પૂર્વક લેખો મેળવી તેને અભ્યાસી માટે વિગતવાર ગોઠવી મુલવી સુંદર સંપાદન કરી આપણી સમક્ષ મુકી આપ્યું છે. તેમાં ગાંધીનગરમાં જ વસતાં ભરત કવિ, પ્રવીણ ગઢવીના લેખો મળે છે. જેનું વિશેષ મહત્વ ગણી શકાય.

ગુજરાત અને ગુજરાત કેવળ નાણાં પાછળ પડેલો સમાજ અને પ્રદેશ છે. એવી ગાળ આજ સુધી સૌ આપતા રહ્યા છે પણ પોતાની ચારણી સાહિત્ય વડે ગુજરાત સમુચિત ગૌરવ લઇ શકે છે. ગુજરાત પણ કોઇ પ્રદેશ જેવી વીરભૂમિ છે. એના ગામડે ગામડે વીરો પાક્યા છે. પાદરે પાદરે નિરંતર ધમસાણ યુદ્ધો ખેલાતાં રહ્યાં છે. એ યુદ્ધોમાં ઝૂઝેલા વીરોની વીરતા, સતીઓનાં સત અને દાતારોના માથાના દાન દેવાની ઉતારતાની ગાથાઓ રચવામાં આને એ સૌ સૂર, સતિયા ને દાતાર માનવોને અમર કરવામાં ગુજરાતનો ચારણ જરાય પાછળ નથી. વસ્તુ : ગુજરાતના ચારણે જયાં જયાં વીરતા જોઇ ત્યાં પોતાની કાવ્યાંજલિ સમર્પી છે ગુણપુજા કરી છે. આ રીતે ચારણી, વાણિયા, બ્રાહ્મણ, કોળી, વાઘરી, હરિજન અને ભંગી શુદ્ધાંની વીરતાને વધાવી લેવામાં જરાય છોછ દાખવતા નથી. ચારણો રાજ કવિઓ હતા. છતાં હૃદયથી તેઓ ક્યારેક નગરવાસી બની શક્યા નહોતા. તેમનો આત્મા ગ્રામ્ય જીવનનો હતો. મૂળભૂત રીતે ચારણો રખડતાં - ભટકતાં ઢોર ચરાવનારા હતા. તેથી સ્વભાવિક જ તેઓ નિસર્ગ પ્રેમી હતા.




તેઓ નાત-જાત-ધર્મના ભેદભાવ વિના પ્રેમને પુરસ્કૃત કરતા. ઋતુગીતો લખતા ને શૃંગાર કાવ્યો પણ રચતા. ચારણ સાહિત્યનો અર્થ ખાસ કોમ જેમ કે ગઢવી, ચારણનું સાહિત્ય એવો થતો નથી. બારોટ, મીર, મોતીસર, ઢાઢી, રાવળદેહ, અરે રાજપૂત અને બ્રાહ્મણોએ પણ ચારણી - ડિંગળ ભાષામાં કવિતા રચી છે. એક લેખમાં પ્રો. એમ.આર. રાઠોડ જણાવે છે કે સરસ્વતી શક્તિ અને સત્યના ઉપાસક ચારણોનો ઇતિહાસ ઘણો પુરાણો છે. રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત, પુરાણો અને જૈન શાસ્ત્રોમાં ચારણોને તપસ્વી અને આકાશ માર્ગે વિચરતાં બતાવ્યાં છે. ચારણી સાહિત્યમાં શતાધિક કવિઓની સહસ્ત્રાધિક રચનાઓ પ્રાપ્ત થાય છે. આ સાહિત્યિક પરંપરા આજે સ્વતંત્ર વિદ્યાશાખા બની શકે તેટલો વિપુલ ખજાનો એમાં સચવાયેલો પડ્યો છે. આ સાહિત્ય પરંપરા આજે સ્વતંત્ર વિદ્યાશાખા બની શકે તેટલો વિપુલ ખજાનો એમાં સચવાયેલો પડ્યો છે. આ સાહિત્યમાં ચારણ કવિઓની નેક - ટેક, રીતિ - નીતિથી લઇને સાંસ્કૃતિક મૂલ્યનિષ્ઠાના અનેરા બીજ રોપાયેલા જોઇ શકાય છે. ચારણી સાહિત્ય બહુ પરિમાણી છે. એક તરફ પ્રજાની ધૂરાના વાહકોની સાન ઠેકાણે લાવવા માટે કવિઓ એમાં કટિબદ્ધ છે તો બીજી તરફ નૈતિકતા, સદાચાર નિષ્ઠા જેવા અનેક સદ્‌ગુણો રહેલ છે. આ બે બાબતોથી ચડીયાતાપણું તે આ કવિઓની ધર્મદૃષ્ટિ છે.

સમગ્ર ભારતીય સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું ચારણી સાહિત્ય વિશ્વ સાહિત્યમાં અપૂર્વ ભેટ તરીકે સ્વીકારાયું છે. ભારતની યશોજ્જવલ સાંસ્કૃતિક અસ્મિતાએ ચારણી સાહિત્યનું હાર્દ છે. ચારણી સર્જકોએ આજીવન સાહિત્ય સધાના થકી, ભવ્ય ભારતની સાંસ્કૃતિક ધરોહરને ગૌરવાન્વિત કરી છે. ચારણી સાહિત્યના સાધકોએ સત્ય, સક્તિ અને સંસ્કૃતિની ઉપાસના કરી, ભારતના ભવ્યાતિત સાંસ્કૃતિક વારસાને પોતાના કાવ્યોમાં કાવ્યાંકિત કર્યો છે. આદિકાળથી સાંસ્કૃતિક મશાલને ધારણ કરી ઊભો છે.

આવા ચારણી સાહિત્યનો સર્વાંગ વિશિષ્ટ પરિચય આપવા અને લોકો સુધી તેની સાચી સમજ આપી તે દ્વારા આપણા આ ગૌરવપૂર્ણ વારસાની કદર થાય તે માટે ભાષા નિયામકની કચેરીનાં સંપાદકો અને રાજભાષા ગુજરાતી સામયિકનાં દૃષ્ટિવંત સંપાદિકા શ્રીમતી હંસાબેન એમ. ગઢવી ધન્યવાદને પાત્ર છે. ગુજરાત રાજયમાં ભાષા નિયામકની કચેરીના સ્થાપના કાળથી આજ સુધી ભાષા નિયામકનો કાર્યભાર સંભાળનાર તેઓ પ્રથમ મહિલા છે. પ્રકાશન અધિકારી તરીકે તેમણે અસંખ્ય માહિતીપ્રદ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે. નાયબ ભાષા નિયામક તરીકે તેઓએ 'થિસોરસ' નામક મહા શબ્દકોષ પ્રસિદ્ધ કર્યો છે. અસ્ખલિત વાક્છટા, મૃદુ સ્વભાવ અને કામ પ્રત્યેની નિષ્ઠાના વિશિષ્ટ ગુણ તેમને મળનાર ભુલી ન શકે તેવું તેમનું ઉમદા વ્યક્તિત્વ છે.

ચારણી સાહિત્ય વિશેષાંકના સર સંપાદક ડો. અંબાદાનજી રોહડિયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે ગુજરાતી ભાષા સાહિત્ય

(અનુસંધાન પાના નં. ૬ પર)

# યુવાપેઢીનું નવીન કર્તવ્ય - ગૌ સેવા

# ચિંતન સભા

- પ્રા. ડો. રાકેશ આર. પટેલ

## પૃથ્વીલોક અને જલમય અંતરીક્ષલોક સુરક્ષિત છે, એવી સહસ્ત્રધારાથી દૂધ દેનાર ગાયની અમે પ્રશંસા કરીએ છીએ

(ગતાંકથી આગળ...)

**યયા ધૌર્યયા પૃથ્વી યયાપો ગુપિતા ઇમાઃ ।**
**વશાં સહસ્ત્રધારાં બ્રહ્મણાચ્છાવદામસ્મિ ॥**
**શતં કંસાઃ શતં દોગ્ધારઃ શતં ગોપ્તારો અધિ પૃષ્ઠે અસ્યા : ।**
**યે દેવાસ્તસ્યાં પ્રાણન્તિ તે વશાં વિદુરેકધા ॥**

(અર્થર્વવેદ ૧૦/૧૦/૪-૫)

- અર્થાત્ 'જે ગાય દ્વારા દ્યુલોક (સ્વર્ગ લોક), પૃથ્વીલોક અને જલમય અંતરીક્ષલોક સુરક્ષિત છે, એવી સહસ્ત્રધારાથી દૂધ દેનાર ગાયની અમે પ્રશંસા કરીએ છીએ, બધા દોહવાનાં પાત્રો દઇને દોહનારાઓ તથા તેના સંરક્ષક તેની પીઠ પર ઊભા રહે છે, (...આધારે જીવે છે), જે દેવતાઓ ગાય થકી જીવતા રહે છે તે સાચે જ ગાયનું મહત્વ સમજે છે.'

અથર્વવેદનાં ત્રીજા કાંડના ૧૪માં સૂક્તનાં ગૌશાળાનાં ગાયોનાં આગમન અને નિવાસની ગૌમાતાને પ્રાર્થના કરવામાં આવી છે.

**સં વો ગોષ્ઠેન સુષદા સં રય્યા સં સુભૂત્યા ।**
**અહર્જાતસ્ય યન્નામ તેના વઃ સં સૃજામસી ॥ ૧ ॥**

- ગાયો માટે ઉત્તમ, પ્રશસ્ત અને સ્વચ્છા ગૌશાળા બનાવવામાં આવે, ગાયોને સ્વચ્છ જળ આપવામાં આવે, ગાયોને ઉત્તમ સંતાન થાય તે માટે યોગ્ય દક્ષતા રાખવામાં આવે. ગાયોને એટલો સ્નેહ આપવામાં આવે કે જે કંઇ શ્રેષ્ઠ હોય તે બધું જ તેને આપવામાં આવે.

- અર્યમા, પૂષા, બૃહસ્પતિ તથા ધન પ્રાપ્ત કરાવનાર ઇન્દ્ર આદિ દેવતાઓ ગાયોને પુષ્ટ કરે છે અને ગાયોનાં દૂધથી આપણને પુષ્ટિ મળે, ઉત્તમ ખાતર આપનાર અને મધુર દૂધ આપનાર સ્વસ્થ ગાયો ગૌશાળામાં આવીને નિવાસ કરે.

- ગૌશાળામાં ગાયો પુષ્ટ થાય અને ઉત્તમ સંતાન ઉત્પન્ન કરે અને સ્વામી ઉપર પ્રેમ કરતી આનંદની નિવાસ કરે.

- ગાયનો સ્વામી સ્વયં ગાયોની બધી વ્યવસ્થા કરે, પુષ્ટ થતી ગાયો સંતાન દ્વારા વધતી રહે.

- સ્વામી સાથે ગાયો આનંદ કરતી રહે, ગૌશાળા ઉત્તમ હો, જેમાં રહી ગાયો પુષ્ટ થાય, આપણે સૌ એવી ઉત્તમ ગાયોને પ્રાપ્ત કરીએ અને તેનું પાલન કરીએ.

મનુસ્મૃતિમાં દરેક વર્ણનાં સહજ કર્મોની યાદી અપાઇ છે, જેમાં વૈશ્યકર્મનું વર્ણન કર્યું છે.

**પશુનાં રક્ષણં દાનમિજ્યાધ્યનમેવ ચ ।**
**વણિક્પથં કુસીદં ચ વૈશ્યસ્ય કૃષિમેવ ચ ॥ ૧-૯ ॥**

'પશુઓનું રક્ષણ કરવું, દાન કરવું, યજ્ઞ કરવા, ભણવું, વેપાર કરવ, વ્યાજવટું કરવું અને ખેતી કરવી - એ વૈશ્યનાં કર્મો નક્કી કર્યા છે.' ॥ ૧-૯ ॥

(ક્રમશઃ)